**<u>જરૂરી</u>**

**ક્રમાંક:તબબ/૧૦/૨૦૧૨/૩૧૪/ડ**

પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,

સચિવાલય,ગાંધીનગર,

તારીખ:-

18 OCT 2012

પ્રતિ,

જિલ્લા વિકાસ અધિકારીશ્રી,

જિલ્લા પંચાયત કચેરી,

જુનાગઢ

વિષય:-<u>તબીબી સારવારનાં બીલ મંજૂર કરવા બાબત.</u>

શ્રી એન.કે.પરમાર

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અંગેના આપના તા:૨૯/૦૫/૨૦૧૨ના પત્ર નં:જિ.પં/પંચા/યુ-૧/તબીબી-બીલ-પરમાર ના અનુસંધાને જણાવવાનું કે, શ્રી એન.કે.પરમારની તબીબી સારવારનાં બીલ મંજૂર કરવાની દરખાસ્તમાં નીચે દર્શાવેલ તમામ દસ્તાવેજની ફોટોકોપી(ઝેરોક્ષ) સામેલ કરેલ છે. જે યોગ્ય ન હોવાથી આ સાથે પરત કરેલ છે. તથા નીચે દર્શાવેલ અસલ દસ્તાવેજ સામેલ રાખીને આ વિભાગના તા.૧૧/૦૯/૨૦૧૨ના પત્ર ક્રમાંક:૧૦/૨૦૧૨/૧૯૧૯/ડ(નકલ સામેલ છે)માં દર્શાવેલ કાર્યપદ્ધતિ મુજબ દિન-૭ માં વિભાગમાં મોકલવા આજ્ઞાનુસાર વિનંતી છે.

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા:-૦૧/૦૪/૨૦૦૦ના પરિપત્ર ક્રમાંક :AGM/2000/256/અનું બિડાણ(ચેકલિસ્ટ).(ચેકલીસ્ટ/બિડાણની નકલ સામેલ છે,જેમાં જરૂરી માહિતી ભરી અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરી દરખાસ્ત સાથે સામેલ કરવું.)

(૨) ગુજરાત રાજ્ય (તબીબી સારવાર) નિયમો-૧૯૮૮ ના નિયમ-૧૦ મુજબની અનુસૂચિ-૧.

(૩) અનુસૂચિ-૧માં નીચેની બાબતો સ્પષ્ટપણે દર્શાવવી.

- હોસ્પિટલનું નામ/સરનામું તથા હોસ્પિટલનો પ્રકાર(સરકારી/સરકાર માન્ય/અન્ય)
- અંદરના દર્દી તરીકે સારવાર મેળવેલ છે કે બહારના દર્દી તરીકે તેની વિગત.
- સારવારનો સમયગાળો.
- રોગનું નામ.
- રિએમ્બર્સ કરવાપાત્ર કુલ રકમ.

- સારવાર પૂરી પાડનાર તબીબ/તબીબી અધિકારીશ્રીની સહિ.
- કર્મચારીશ્રીના કબુલાતનામાની વિગત.

(૪) અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં દવાઓનું લિસ્ટ.

(૫) તબીબી સારવારનાં તમામ અસલ બિલ.

(૬) હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયાનું સર્ટિફીકેટ.

(૭) ગુજરાત રાજ્ય (તબીબી સારવાર) નિયમો-૧૯૮૮ ના નિયમ-૧૧ મુજબ સમયમર્યાદામાં દરખાસ્ત દાવો રજૂ કરેલ છે કે કેમ તેની વિગતો.જો સમયમર્યાદામાં દાવો રજૂ થયેલ ન હોય તો વિલંબનાં કારણોસહિત કેટલા સમયનો વિલંબ માફ કરવાનો થાય છે તે સ્પષ્ટ અભિપ્રાયસહ દર્શાવવું.

(૮) જો નિવૃત્ત કર્મચારી હોય તો નિવૃત્ત થયા અંગેનો પુરાવો.

આપનો વિશ્વાસુ,

(એસ.બી.ચૌધરી)

નાયબ સચિવ

પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ

બિડાણ:પૃષ્ઠ <u>૦૯ થી ૧૦૭/પ.વિ</u>. પરની અસલ દરખાસ્ત

<u>નકલ રવાના</u>:-

- વિકાસ કમિશનરશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ...<u>જાણ તથા ભવિષ્યમાં મેડીકલ રિએમ્બર્સમેન્ટની આવી દરખાસ્ત ઉપરોક્ત જણાવેલ ક્રમ ૧ થી ૮ સુધીના મુદ્દાઓ પ્રમાણે ચકાસ્યા બાદ જ વિકાસ કમિશનરશ્રી મારફત જ વિભાગને સાદર કરવા કાર્યવાહી કરવા સારૂ.</u>
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ